Thukkur Khushi Dipak bhai

(૨) વિશિષ્ટ પ્રકારના ગ્રાહકો વિશે વિસ્તૃત નોંધ લખો.

→ 1. નાના ગ્રાહકો : ભારતમાં ૧૮ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિને કાયદા હેઠળ "નાના" કહેવામાં આવે છે.

o નાના વ્યક્તિ પોતાના નામે કરાર કરી શકતા નથી, એટલે બેન્ક ખાતું પણ પોતાના નામે એકલા ચલાવી શકતા નથી.

o નાનાનું બેન્ક ખાતું કેવી રીતે ખોલાય?

- ખાતું નાનાના નામે ખોલાય પણ તેના માતા-પિતા કે કોર્ટ દ્વારા નિમાયેલ ગાર્ડિયનની સાથે ખોલવું પડે.

- ખાતાનું નામ લખાય આ રીતે: "માસ્ટર રાહુલ શાહ દ્વારા ગાર્ડિયન શ્રીમતી પાર્વતીબેન શાહ."

o 18 વર્ષ પૂરા થાય ત્યારે શું થાય?

- જ્યારે નાની વ્યક્તિ 18 વર્ષની થાય છે.

- બેન્ક તેને પત્ર લખે છે કે "હવે તમે પુખ્ત થયા છો, નવું KYC કરાવો."

- નવી સહી આપવી પડે.
- જૂનું ખાતું બંધ કરીને નવું ખાતું ખોલવામાં આવે.

Thakkar Khushi Dipak bhai

○ મહત્ત્વના નિયમો :

- નાના પોતે લોન લઈ શકતા નથી.
- નાના બીજાને લોન આપવાની ગેરંટી આપી શકતા નથી.
- નાના નોમિની તો બની શકે છે, પણ પૈસા 18 વર્ષ પછી જ મળે.

૮. અભણ ગ્રાહકો :

જે વ્યક્તિ વાંચી-લખી શકતા નથી અને પોતાનું નામ પણ લખી શકતા નથી, તેને બેન્કિંગમાં "illiterate person" કહેવામાં આવે છે. આવી વ્યક્તિ સહી કરવાને બદલે આંગળીનો ટીપો આપે છે.

○ આંગળીના ટીપાના નિયમો :

- પુરુષ → ડાબા હાથનો અંગૂઠો
- સ્ત્રી → જમણાં હાથનો અંગૂઠો
- ટીપું લીધા પછી બેન્ક કર્મચારી લખે છે : "Right Thumb Impression of Smt. Kantuben Desai."

○ ખાતું ખોલવાની પ્રક્રિયા :

- ફોટો જરૂરી
- ઓછામાં ઓછા ૨ સાક્ષીઓ જરૂરી જે લખતા-વાંચતા હોય.
- વીડિયો KYC પણ કરાવી શકાય.

Thakkar Khushi Dipak bhai

## 3. અંધ ગ્રાહક :

- અભણ વ્યક્તિથી બિલકુલ અલગ- અંધ વ્યક્તિને બેન્કમાં સંપૂર્ણ સ્વતંત્ર ગ્રાહક માનવામાં આવે છે, કારણ કે :

- તે વાંચી- લખી શકે છે.
- તે સહી કરી શકે છે.
- કાયદા હેઠળ લેની ક્ષમતા પૂર્ણ છે.

o ખાતું ખોલવાની પ્રક્રિયા:

- સામાન્ય ગ્રાહક જેવું જ ફોર્મ ભરાય છે.
- સહી પોતે જ કરે છે.
- જો વ્યક્તિ બ્રેઈલમાં લખી વાંચી શકતી હોય તો બ્રેઈલ ફોર્મ પણ આપવામાં આવે છે.

ઉદાહરણ : ૫૫ વર્ષના શાંતાબેન SBIમાં FD કરાવે છે. → પોતે જ સહી કરે છે → તેમની પાસબુક બ્રેઈલમાં છપાવી આપવામાં આવે છે → વ્યાજના પૈસા તેમના ખાતામાં આવે છે, તેઓ ચેકિંગ ~~ATM~~ ATMમાંથી ઉપાડે છે.

Thakkar Khushi Dipak bhai

## 5. પરણિત મહિલા ગ્રાહક :

આજે પરણિત મહિલા ૧૦૦% સ્વતંત્ર ગ્રાહક છે. તે પોતાના નામે ખાતું ખોલી શકે, ચલાવી શકે, લોન લઈ શકે, લોકર લઈ શકે - બધું જ! પતિની પરવાનગી કે સહીની જરૂર નથી.

### ખાતું કેવી રીતે લખાય છે?:

આજે ૯૫% મહિલાઓ પોતાના નામે જ ખાતું ખોલાવે છે.

| ખાતાનું નામ લખવાની રીત | ઉદાહરણ | ક્યારે વપરાય છે? |
|---|---|---|
| માત્ર પોતાના નામે | Smt. Priyanka R. Shah | સૌથી વધુ વપરાતું |
| પતિના નામ સાથે | Smt. Priyanka w/o Rajeshbhai Shah | ગામડે કે જૂની મહિલાઓ પસંદ કરે છે. |
| મંગળસૂત્ર નામ | Smt. Priyanka Rajeshkumar Shah | ગુજરાત રાજસ્થાનમાં લોકપ્રિય. |

ઉદાહરણ ૧ - હાઉસવાઈફ ૩૨ વર્ષની નેહાબેન ઘરે જ છે, પતિ વિદેશમાં છે. તેમણે SBIમાં ૨૫૦ લાખનું હોમ લોન લીધું છે. → ખાતું નામ: Smt. Neha K. Patel → લોન પોતાના નામે, પતિની સહીની જરૂર નહીં → મહિને EMI પોતે જ ભરે છે.

Thakkar Khushi Dipak bhai

ઉદાહરણ ૨ - બિઝનેસ વુમન રેખાબેન પોતાનો બ્યુટી પાર્લર ચલાવે છે. HDFCમાં કરંટ ખાતું + ₹૨૦ લાખ ઓવરડ્રાફ્ટ લીધું છે. → ખાતું નામ: Rekhaben M. Desai → ચેકબુક, નેટ બેન્કિંગ, ક્રેડિટ કાર્ડ - બધુ પોતાના નામે

## 5. પાગલ / માનસિક રીતે અસ્વસ્થ ગ્રાહક:

૧. કાયદાકીય સ્થિતિ : ભારતીય કરાર કાયદો કહે છે. → જે વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ નથી અને વસ્તુની સમજ નથી, તે કરાર કરી શકતો નથી. → એટલે તેનું બેન્ક ખાતું એકલું ચલાવી શકાય નહીં અને નવું ખાતું પણ ખોલી શકાય નહી.

૨. બેન્કને "ખબર" થાય તો શું થાય?: જો બેન્કને ખબર પડે કે ગ્રાહક માનસિક રીતે અસ્વસ્થ છે, તો બેન્ક તરત જ ખાતું ફ્રીઝ કરી દે છે - ન તો જમા, ન તો ઉપાડ.

## 6. જોઈન્ટ ખાતું અને તેના ધારકો:

એક જ ખાતું જેમાં ૨ કે તેથી વધુ વ્યક્તિઓનું નામ હોય અને તેઓ બધા માલિક હોય. સૌથી વધુ પતિ-પત્ની, માતા-પિતા-દીકરો, ભાઈ-ભાઈ, બિઝનેસ પાર્ટનર વચ્ચે થાય છે.

Thakkar Khushi Dipak bhai

○ જોઈન્ટ ખાતાના ૪ મુખ્ય પ્રકાર :

| પ્રકાર | કોણ ચલાવી | મૃત્યુ પછી શું થાય? |
|---|---|---|
| સૌથી વધુ પ્રચલિત | બંનેમાંથી કોઈ એક પણ ચલાવી શકે. | બાકીની વ્યક્તિને આખું ખાતું મળી જાય છે. |
| બધા કે એક પણ | બધા કે એક પણ ચલાવી શકે | બાકી રહેલા સર્વાઈવરને મળે |
| બધાએ સાથે મળીને | બધાની સહી જરૂરી | મૃત્યુ પછી પણ બધાની સહી જરૂરી રહે |
| પહેલા વ્યક્તિ મુખ્ય | માત્ર પહેલી વ્યક્તિ ચલાવે, બીજા નહીં | પહેલી વ્યક્તિ મરે તો બીજાને મળે |

○ ઉદાહરણ :

1. પતિ - પત્ની - કોઈ એક મરી જાય તો બીજાને તરત પૈસા મળે.

૨. માતા + દીકરો - માતા જીવે ત્યાં સુધી એકલા ચલાવે, પછી દીકરાને

૩. બે ભાઈઓનો બિઝનેસ - બંનેની સહી વગર કોઈ ચેક ન નીકળે.

૪. દીકરી + પિતા - દિકરી વિદેશમાં હોય તો પિતા ચલાવી શકે.

Thakkar Khushi Dipak bhai

## 7. પાર્ટનરશિપ ફર્મ ગ્રાહક :

બે કે તેથી વધુ વ્યક્તિઓએ મળીને બિઝનેસ ચલાવવા માટે બનાવેલી સંસ્થા ભારતમાં આ Indian Partnership Act, 1932 હેઠળ ચલાવે છે.

- બેંકમાં ખાતું કેવી રીતે ખોલાય ?

| ખાતાનું નામ લખાય છે | ઉદાહરણ |
|---|---|
| ફર્મના નામે અથવા | M/s. Shreeji Treaders |
| (M/s. = Messers = પાર્ટનરશિપ ફર્મનું ચિહ્ન) | M/s. Patel Brothers |

- ખાતું ખોલવા માટે જરૂરી દસ્તાવેજ (ફરજિયાત)

| દસ્તાવેજ | નોંધ |
|---|---|
| - પાર્ટનરશિપ ડીડ | નોંધણી કરાવેલી હોવી જોઈએ. |
| - ફર્મનું PAN કાર્ડ | ફર્મના નામે જ હોવું જોઈએ. |
| - GST સર્ટિફિકેટ | |
| - Shop Act / MSME / Udyam રજિસ્ટ્રેશન | |
| - બધા પાર્ટનરનું KYC | |
| - Authority letter | કોણ ખાતું ચલાવશે તે લખેલું હોવું જોઈએ |
| - ફર્મની રજિસ્ટર્ડ ઓફિસનો પુરાવો | - લાઇટબિલ / રેન્ટ એગ્રીમેન્ટ |

Thakkar Khushi Dipak bhai

### 8. હિન્દુ અવિભાજિત કુટુંબ ગ્રાહક :

○ HUF શું છે?

- હિન્દુ, જૈન, શીખ અને બૌદ્ધ કુટુંબ માટે જ છે.
- એક અલગ "કાનૂની વ્યક્તિ" માનવામાં આવે છે.
- આમાં પૈતૃક મિલકત + કુટુંબની કમાણીનો ઉમેરો થાય છે.

| ખાતાનું નામ લખાય છે | ઉદાહરણ |
|---|---|
| કર્તા | Shri Rajeshbhai M. Patel |
| અથવા | Rajesh bhai M. Patel Hindu Undivided family. |

○ ખાતું ખોલવા માટે જરૂરી દસ્તાવેજ (દસ્તાવેજ)

| દસ્તાવેજ | નોંધ |
|---|---|
| HUF નું PAN કાર્ડ | HUF ના નામે જ હોવું જોઈએ. |
| HUF ડીડ | નોટરી કરાવેલી અથવા સ્ટેમ્પ પેપર પર |
| કર્તાનું KYC | |
| બધા કોપાર્સનર્સની લિસ્ટ + જન્મતારીખ | (કર્તા, પત્ની, દીકરા-દીકરીઓ, પૌત્ર-પૌત્રી) |
| કર્તાની ઘોષણા | કે તે કર્તા છે અને કુટુંબ અવિભાજ્ય છે. |
| બેન્કનું પોતાનું HUF ફોર્મ | SBI, HDFC, ICICI, Axis બધા બેન્કોમાં છે. |